જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૧/03/૨૦૨૩ શનિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૨૫/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૨૫૫ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ રિક્ષા અને ૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૧,૨૮૧/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૨૬/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૪૨૭/૨૦૨૩

**ઈસનપુરઃ** સંજીવ રમેશકુમાર ચેલાની (ઉ.વ.૪૩) (રહે. મોહન ફ્લેટ ભૈરવનાથ રોડ મણીનગર) એ તા.૦૯/03/૨૦૨૩ ના રોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૧/૨૦૨૧ થી તા.૧૫/૦૨/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) અભય સતીષચન્દ્ર મિશ્રા (રહે. કાનપુર ઉત્તર પ્રદેશ) અને (૨) અબ્દુલ સલીમખાન મજુરખાન (રહે. ઓષધાલય પાસે નુરપુરા ઢાણી-૧૭ તા-સાદુલ જી-શ્રીગંગાનગર) એ ભેગા મળી DLM લી ટ્રેસીડીઝિયલ સાથી ફાઉન્ડેશન નામની એન.જી.ઓ સંસ્થાની ઓફીસ એ/૭ દરીયાપુર વસત C.H.S લીમીટેડ યુગાંન્ડા પાર્ક વસંતનગર પાસે ઇસનપુર ખાતે આંગણવાડીના સર્વે કરવાનો ખોટો પ્રોજેકટ ઉભો કરી સંજીવ ચેલાનીને આંગણવાડીના પ્રોજેકટ બાબતે માહિતી આપી લોભામણી લાલચ આપી આંગણવાડી પ્રોજેકટ ઉપર કામ કરવા માટે ટેબલેટની સિકયુરીટી પેટે ડીપોઝીટ આપવી પડશે તેમ કહી આંગણવાડીના સર્વેના પ્રોજેકટના નામે ટેબલેટના બહાને કુલ રૂપિયા ૮,૦૦,૦૦૦/- મેળવી લઈ ટેબલેટ નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જી.ચાવડા ચલાવે છે.

## **ચોરીઃ-** **સમાચાર યાદી નં.૪૨૮/૨૦૨૩**

**સરખેજઃ** અતુલભાઇ જયસુખભાઈ લાધાણી (રહે.જૈન દેરાસરની અંદર આવેલ મકાનમાં ધોળકા રોડ સરખેજ) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૩/૨૦૨૩ બપોરના ૧૨/૦૦ થી રાતના ૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સરખેજ ધોળકા રોડ ઉપર આવેલ જૈન દેરાસરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી દેરાસરમાં રાખેલ પંચ ધાતુની ત્રણ મુર્તિ કિમત રૂપિયા ૭૫૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.પી.સોલંકી ચલાવે છે.

## **બિજા માળથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૪૨૯/૨૦૨૩**

**ચાંદખેડાઃ** ચાંદખેડા ગોદરેજ ગાર્ડનસિટી જગતપુર રોડ ખાતે નવી બનતી ધરતીસ્કાય લાઇન નામની સાઇટ ખાતે રહેતા અને ત્યા જ કામ કરતા મુકેશભાઇ સ/ઓ પ્રતાપભાઇ બારીયા (ઉ.વ.૧૯) (મુળ વતન. ગામ-દેગાવાગ તા-દેવગઢ બારિયા જી.દાહોદ) તા.૨૦/૦૨/૨૦૨૩ કલાક ૧૧/૧૫ વાગ્યાના સુમારે સાઇટના સી બ્લોકના બીજા માળે કામ કરતા હતા ત્યારે પેન્ટના ખીસામાં રાખેલ મોબાઈલ ફોનની બેટરી ફાટતા સમતુલા ગુમાવતા બીજા માળથી પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે એસ.વી.પી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૦/૦૩/૨૦૨૩ કલાક ૫/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્ર ભગવાનરાવ ચલાવે છે.

## **દાઝી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૪૩૦/૨૦૨૩**

**નારોલઃ** કલ્લુ ઉર્ફે દિનેશ રામસુંદર વિશ્વકર્મા (ઉ.વ.૩૨) (રહે. જ્યોતીનગર નારોલ) તા.૦૮/૦૩/૨૦૨૩ સવારના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે માચીસથી બીડી સળગાવતા હતા ત્યારે ગેસ લીકેજ હોવાથી અથવા ગેસનો કોક ખુલ્લો રહી ગયેલ હોવાના કારણે અચાનક ભડકો થતા આગ લાગતા દાઝી ગયા હતા. સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૦/૦૩/૨૦૨૩ કલાક ૬/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ ભગવતસિંહ ચલાવે છે.

## **આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૪૩૧/૨૦૨૩**

**રિવરફ્રંટ વેસ્ટઃ** ધવલ સ/ઓ મુકેશભાઈ ઠાકોર (ઉ.વ.૧૬) (રહે. બોમ્બે હાઉસીંગ પોલીસ લાઈન શીતલ સિનેમા પાસે ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૩/૨૦૨૩ બપોરના ૧/૧૫ વાગ્યા પહેલા એલીસબ્રીજ પાસે રીવરફ્રન્ટ વોક-વે ઘાટ નંબર-૮ નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઈ મનજીભાઈ ચલાવે છે.

**એરપોર્ટઃ** જી.પોરબદ તા.કુતીયાના ગામ-કુતીયાણા ખાતે રહેતા કૌશીકભાઇ ઉર્ફે કૈલાશ મુરલીધર કુંદનાણી (ઉ.વ.૪૩) ગંભીર બિમારીની સારવાર માટે અમદાવાદ સરદારનગર હાસોલ રણમુકતેશ્વર મંદિરની બાજુમાં રામેશ્વર ફલેટ ખાતે રહેતા પોતાના ભાઈના ઘરે આવ્યા હતા. જેઓએ બિમારીથી કંટાળી તા.૧૦/૦૩/૨૦૨૩ રાતના ૨/૦૦ થી સવારના ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ભાઈના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે એરપોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ચંદુભાઇ જીવાજી ચલાવે છે.

**વટવા જીઆઈડીસીઃ** અરવિંદભાઇ હીરાલાલ લખેરા (ઉ.વ.૩૦) (રહે. નિલકંઠ એપાર્ટમેન્ટ વિઠ્ઠલનગરનો ટેકરો જશોદાનગર) અગમ્ય કારણસર તા.૦૯/૦૩/૨૦૨૩ રાતના ૧૨/૦૦ પહેલા વાગ્યા પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.બી.ચૌધરી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી